# ૭. માણસ છે

### કૃષ્ણ દવે

તેમનો જન્મ ૪ સપ્ટેમ્બર, ૧૯૬૩ના રોજ અમરેલી જિલ્લાના દિતલા ગામે થયો હતો. બી.એ. સુધીનો અભ્યાસ કરી હાલ તેઓ અમદાવાદ ખાતે રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયામાં કાર્યરત છે. તેમના 'પ્રહાર' તથા 'વાંસલડી ડોટ કોમ' કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. તેમણે 'ભોંદુભાઈ તોફાની' નામે બાળકાવ્યોનો સંગ્રહ પણ આપ્યો છે. આ સંગ્રહના કાવ્યોની ઓડિયો સીડી તથા કેસેટ્સ પણ તૈયાર થઈ છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી તેમને વિવિધ પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં પ્રકૃતિના તત્ત્વોનો કમાણીના સાધન તરીકે ઉપયોગ કરનારા સ્વાર્થી-બીઝનેસમેનનું વર્ણન કરવામાં આવ્યું છે. કમાણી કરવા માટે કોઈપણ તકને ઝડપી લેવામાં કુશળતા દાખવતા માણસો તકસાધુ બનીને પોતાનો સ્વાર્થ સાધી લે છે. આવા બીઝનેસમેન તરફ કટાક્ષ કરતાં કવિ કહે છે કે, ઝાકળના પાઉચ બનાવે છે, અજવાળાનો સંગ્રહ કરી સૂરજને બ્લોક કરવાની તાકાત બતાવી પોતે તડકો થઈને વ્યાપી જાય છે.

સંબંધોને માપી-તોલીને રાખે છે. ચહેરા પર હાસ્ય બતાવતા માણસને લાગણી સાથે સ્નાન-સૂતકનો પણ સંબંધ હોતો નથી. પંખીઓના કલરવનું રેકોર્ડિંગ કરીને તેની પણ વેપારીબુદ્ધિથી આવક કરવા તૈયાર થઈ જાય છે.

હસતાં હસતાં પણ જ્યાં-જ્યાંથી લાભ મળે ત્યાં-ત્યાંથી તે લાભ મેળવી લે છે. આકાશને પોતાની માલિકી દર્શાવી સૂરજ, ચંદ્ર, તારા અને વાદળો પણ ધંધાની એરણે ચડાવી દે છે. લાગણીઓના શૂન્યાવકાશમાં પણ મનુષ્ય પોતાનો જ લાભ લઈ લેવાની કુનેહ ધરાવે છે.

પતંગિયાની પાંખો છાપે, માણસ છે, બીઝનેસ કરે છે.
ઝાકળ પણ પાઉચમાં આપે, માણસ છે, બીઝનેસ કરે છે.

અજવાળાનો સ્ટોક કરીને, સૂરજને પણ બ્લોક કરીને,
પોતે તડકો થઈને વ્યાપે, માણસ છે, બીઝનેસ કરે છે.

સંબંધોની ફાઈલ રાખીને ચહેરા પર સ્માઇલ રાખીને,
લાગણીઓ લેસરથી કાપે, માણસ છે, બીઝનેસ કરે છે.

શબ્દ, શબ્દને વાટી વાટી, અર્થોનું કેમિકલ છાંટી,
જળમાં પણ ચિનગારી ચાંપે, માણસ છે, બીઝનેસ કરે છે.

કલરવને પણ ટેપ કરીને, કંઠ ઉપર પણ રૅપ કરીને,
માંગો તે ટહુકા આલાપે, માણસ છે, બીઝનેસ કરે છે.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ફૂંક લગાવી હસતા હસતા
જયાંજયાંસળગેત્યાંત્યાંતાપે, માણસછે, બીઝનેસકરેછે.

પોતાનું આકાશ બતાવી, સૂરજ, તારા ચન્દ્ર ગણાવી.
વાદળ ફૂટપટ્ટીથી માપે, માણસ છે, બીઝનેસ કરે છે.

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં જુદાજુદા વ્યવસાયોની વાત કરીને બીઝનેસમેનનો વિસ્તૃત પરિચય આપવો. કેવા પ્રકારના બીઝનેસ થાય છે તેની ચર્ચા કરવી. ત્યારપછી તાંત્રિક યુગના યાંત્રિક માણસો કુદરતી તત્ત્વોને કમાણીનું સાધન બનાવી શકે છે. તે વાત કરી કાવ્યના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી લઘુપ્રશ્નો પૂછીને કાવ્યમાં પ્રસ્તુત બીઝનેસનું સ્પષ્ટીકરણ કરવું. વ્યાવસાયિક માનવીઓની બુઠ્ઠી બની ગયેલી લાગણી વિશે વાત કરી કુદરતી તત્ત્વોની જાળવણી માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી સંબંધોના સરવાળા અને લાગણીઓના ગુણાકાર કરવા યોગ્ય દૃષ્ટાંતો આપવા. પશુ, પંખી, જળ, જીવજંતુ, સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષ વગેરેના જતન માટેના ઉપાયોની ચર્ચા કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) કુદું (૨) ઓસ (૩) રવિ (૪) વદન
(૫) તણખો (૬) લોખંડ (૭) શશી (૮) વ્યોમ

**સ. ૨. વિરોધી અર્થ દર્શાવતો શબ્દ લખો :**

(૧) અંધારું (૨) ધરતી (૩) ઇચ્છા (૪) આકર્ષક

**સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) શિયાળાની સવારે પાંદડાં પર પડેલા જળના બિંદુ – (૨) પંખીઓનો મધુર ધ્વનિ –
(૩) આકાશમાં એકઠો થયેલો વરાળનો સમૂહ – (૪) મોંથી ફૂંકાયેલો પવન –

**સ. ૪. કાવ્યમાં ઉલ્લેખાયેલા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો અને તેની સામે ગુજરાતી શબ્દ લખો.**

**સ. ૫. નીચેના શબ્દોને વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો :**

સૂરજ ચકમક પતંગિયું અજવાળું લાગણી કલરવ શબ્દ માણસ ટહુકો વાદળ

**સ. ૬. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધો.**

સ. ૭. **યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્યો ફરીથી લખો :**

(૧) માણસ અજવાળાનો સ્ટોક કરીને __________________.

(અ) વેબસાઈટને બ્લોક કરે છે (આ) ચંદ્રને બ્લોક કરે છે (ઇ) સૂરજને બ્લોક કરે છે

(૨) માણસ સૂરજ, તારા, ચંદ્ર ગણીને __________________.

(અ) આકાશ ફૂટપટ્ટીથી માપે છે (આ) વાદળ ફૂટપટ્ટીથી માપે છે (ઇ) ધરતી ફૂટપટ્ટીથી માપે છે

(૩) જ્યાં જ્યાં કંઈ સળગતું હોય ત્યાં ત્યાં માણસ __________________.

(અ) પોતે તાપે છે (આ) આગ ઓલવે છે (ઇ) ફૂંક મારે છે

સ. ૮. **ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો :**

(૧) ઝાકળ પણ __________ આપે.

(૨) જળમાં પણ __________ ચાંપે.

(૩) માંગો તે __________ આલાપે.

(૪) પોતે તડકો થઈને __________ .

(૫) __________ લેસરથી કાપે.

સ. ૯. **અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) માણસ એવો વેપારી થઈ ગયો છે કે તે અજવાળાનો સંગ્રહ કરીને પછી સૂરજને પણ બ્લોક કરી દઈ પોતે તડકો બનીને ચારે બાજુ વ્યાપી જાય. પરંતુ એનું કુદરત પાસે કંઈજ ચાલતું નથી.

(૨) પંખીઓના કલરવને ટેપ કરી લઈ તેને પોતાના કંઠમાં આરોપી લઈ પછી લોકોની અપેક્ષા પ્રમાણે પંખીના ટહુકા પોતે આલાપતો હોય તે રીતે બીઝનેસ કરતાં પણ માણસ વિચારતો નથી.

સ. ૧૦. **નીચેની પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) વાદળ ફૂટપટ્ટીથી માપે, માણસ છે, બીઝનેસ કરે છે.

(૨) પતંગિયાંની પાંખો છાપે, માણસ છે, બીઝનેસ કરે છે.

(૩) ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ફૂંક લગાવી હસતા હસતા.

(૪) શબ્દ, શબ્દને વાટી વાટી, અર્થોનું કેમિકલ છાંટી.

સ. ૧૧. **પ્રસ્તુત કાવ્યનો સાર ટૂંકમાં તમારા શબ્દોમાં લખો.**

સ. ૧૨. **આપેલ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.**

(૧) મહા + આલય = __________

(૨) સૂર્ય + __________ = સૂર્યાસ્ત

(૩) __________ + અર્થી = વિદ્યાર્થી

(૪) વિદ્યા + __________ = વિદ્યાભ્યાસ

સ. ૧૩. **નીચેના વાક્યોમાંથી વિશેષણ શોધો :**

(૧) અમે આઠ મિત્રો મેળામાં ગયા.

(૨) ગુજરાતી ભાષા સમૃદ્ધ છે.

(૩) અભણ માણસ વાંચી શકતા નથી.

(૪) સૂર્યનો આકરો તાપ સહન થતો નથી.

(૫) પતંગિયાંની રંગબેરંગી પાંખો મને ગમે છે.

**સંભાષણ** ★ નીચેના શબ્દો વિશે ચર્ચા કરી તેના અર્થ સમજો.

(૧) સંગ્રહખોર (૨) તફડંચી (૩) તકસાધુ (૪) નકલખોર

**પ્રકલ્પ** ★ તમારા કુટુંબનું વંશવૃક્ષ તૈયાર કરી તમારા દાદા-દાદીને ભેટ આપો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### વ્યસનમુક્તિ

એક ખેડૂતની વાત છે. શરીરે લઠ. ઘેર બે સારા બળદ રાખે. જમીન પણ સારી. સવારે વહેલો ઊઠી બળદ લઈ કૂવે જાય. આખો દિવસ કોસ હાંકે, પણ સાંજે જઈને જુએ તો ક્યારામાં પાણી જ પહોંચ્યું ન હોય ! કેમ કે કોસ કાણો હતો. બહુ દોડધામ કરે, પણ ભરેલો કોસ થાળામાં આવતાં આવતાં તો કાણાં વાટે ચૂઈ જાય. સાંજ પડતાં ખેડૂત ને બળદ થાકીને લોથપોથ થઈ જાય.

ત્યારે કરવું શું ? ખેડૂતે દોડધામ કરવી કે કાણાં પૂરવાં ? દેખીતી વાત છે કે જ્યાં સુધી કોસ કાણો હોય ત્યાં સુધી બળદને ઉતાવળા હાંકવાનો કશો જ અર્થ નથી. કાણાં પૂરવામાં આવે, તો જ કોસ ભરેલો આવે ને ખેતરમાં પાણી પહોંચે.

આજે આપણી દશા આ ખેડૂત જેવી છે. આપણી આવકનેય કાણાં પડ્યાં છે. એટલે મહેનત કરીને મેળવેલું ચા, બીડી, પાનસોપારી, તમાકુ, દારૂ, અફીણ વગેરે વ્યસનો તથા મોજશોખમાં વ્યર્થ વપરાઈ જાય છે.

સુખી થવું હોય અને શાંતિથી જીવવું હોય, તો વ્યસનો અને મોજશોખના ખોટા ખર્ચમાંથી બચવું જોઈએ. કઈ ચીજો ખરેખર જરૂરી છે અને કઈ બિલકુલ બિનજરૂરી છે, તેનું આપણને જ્ઞાન હોવું જોઈએ. આમ થશે તો જ કાણાં પૂરાશે, અને આપણી મહેનત નાહક ઢોળાઈ જતી અટકશે. નહીં તો બળદિયાની જેમ કોસ ખેંચ્યે રાખીશું પણ પાણી ભેળા નહીં થઈએ.

– રવિશંકર મહારાજ

8U1GH1

ધંધામાં બરકત પ્રામાણિકતાથી જ આવે.